15 જૂને નવી ઔદ્યોગિક નીતિ જાહેર થશે

ઔદ્યોગિક નીતિ-2026થી રોકાણ, રોજગારી અને ટેક્નોલોજી આધારિત વિકાસને મળશે નવી દિશા

મહાત્મા મંદિરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી કરશે અનાવરણ

ગાંધીનગર : ગુજરાતના ઔદ્યોગિક વિકાસને નવી ઊંચાઈએ લઈ જવા રાજ્ય સરકાર આગામી 15 જૂને બહુપ્રતિક્ષિત 'ઔદ્યોગિક નીતિ-2026'નું અનાવરણ કરવા જઈ રહી છે. રાજ્યના આર્થિક વિકાસ, રોકાણ આકર્ષણ અને રોજગારી સર્જન માટે મહત્વપૂર્ણ માનવામાં આવતી આ નવી નીતિ ગુજરાતના આગામી દાયકાના ઔદ્યોગિક રોડમેપને આકાર આપશે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજનારા વિશેષ સમારોહમાં સીએમ ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી રાજ્યની નવી ઔદ્યોગિક નીતિનું સત્તાવાર લોકાર્પણ કરશે. રાજ્યના ઉદ્યોગકારો, રોકાણકારો અને વિવિધ ક્ષેત્રના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં જાહેર થનારી આ નીતિને ગુજરાતના ઔદ્યોગિક વિકાસ માટે એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન તરીકે જોવામાં આવી રહી છે.

નવી ઔદ્યોગિક નીતિ માત્ર રોકાણ આકર્ષવાની યોજના નહીં, પરંતુ રાજ્યને આગામી પેઢીના ઉદ્યોગો માટે તૈયાર કરતો વ્યાપક વિકાસ દસ્તાવેજ બનશે. સરકારના સૂત્રોના જણાવ્યા મુજબ નીતિમાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેશ , આધુનિક મેન્યુફેક્ચરિંગ, ટેક્નોલોજી આધારિત ઉદ્યોગો, સ્ટાર્ટઅપ્સ, MSME સેક્ટર અને હાઈ-ટેક ઈન્ડસ્ટ્રીઝને વિશેષ પ્રોત્સાહન આપવાની જોગવાઈઓ સમાવાશે.

આ સેક્ટરો માટે પેકેજ જાહેર થવાની શક્યતા

- સેમિકન્ડક્ટર
- ઇલેક્ટ્રોનિક્સ
- ગ્રીન એનર્જી
- ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ
- એરોસ્પેસ
- ડિજિટલ ટેક્નોલોજી
- કૃત્રિમ બુદ્ધિમત્તા (AI)

નવી નીતિ દ્વારા સ્થાનિક અને વૈશ્વિક રોકાણકારો માટે વધુ અનુકૂળ વાતાવરણ ઊભું કરવાનો પ્રયાસ કરવામાં આવશે. ગુજરાત વર્ષોથી દેશના સૌથી અગ્રણી ઔદ્યોગિક અને રોકાણ ગંતવ્ય તરીકે ઓળખાય છે. વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર, મજબૂત બંદરો, રોડ-રેલ કનેક્ટિવિટી, ઉદ્યોગમૈત્રી નીતિઓ અને કુશળ માનવબળના કારણે રાજ્યએ દેશ-વિદેશના રોકાણકારોનો વિશ્વાસ જીત્યો છે. હવે નવી ઔદ્યોગિક નીતિ આ મજબૂત પાયા પર વધુ ભવ્ય વિકાસનું નિર્માણ કરશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ઉદ્યોગ વર્તુળોમાં માનવામાં આવે છે કે નવી નીતિ ગુજરાતને માત્ર મેન્યુફેક્ચરિંગ હબ તરીકે નહીં, પરંતુ નવીનતા, ટેક્નોલોજી અને વૈશ્વિક રોકાણના કેન્દ્ર તરીકે સ્થાપિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. સાથે જ લાખો યુવાનો માટે નવી રોજગારીની તકો સર્જાશે અને રાજ્યની અર્થવ્યવસ્થાને વધુ ગતિ મળશે.આગામી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અને રાજ્યના દીર્ઘકાલીન વિકાસ વિઝનને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયેલી આ ઔદ્યોગિક નીતિ પર હવે સમગ્ર ઉદ્યોગજગત અને રોકાણકારોની નજર મંડાઈ છે. 15 જૂને જાહેર થનારી આ નીતિ ગુજરાતના ઔદ્યોગિક ઇતિહાસમાં નવા અધ્યાયની શરૂઆત કરશે તેવી અપેક્ષા સેવાઈ રહી છે.

સંત સમાજ અને ભક્તોમાં વિરોધ

સાળંગપુર હનુમાનજીના નામે પેન્ટટ નોંધણી મુદ્દે વિવાદ

નોંધણીનો હેતુ ભગવાન કે શ્રદ્ધા પર માલિકી હક સ્થાપિત કરવાનો નથી : સાળંગપુર મંદિર ટ્રસ્ટ

મંદિરની આગવી ઓળખ, વિશિષ્ટ પ્રતિમાઓ, વાઘા-શણગારને કાનૂની સુરક્ષા આપવા નોંધણી કરાઇ છે

અમદાવાદ : શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર દ્વારા હનુમાનજી મહારાજના વિવિધ દિવ્ય સ્વરૂપો, કલાત્મક કૃતિઓ અને 'કિંગ ઓફ સાળંગપુર' સહિતની ઓળખ માટે કૉપીરાઈટ, ટ્રેડમાર્ક અને અન્ય બૌદ્ધિક સંપત્તિ (IPR) હકોની નોંધણી કરાવવાના નિર્ણયને લઈને રાજ્યભરમાં ચર્ચા અને વિવાદ શરૂ થયો છે. સંત સમાજના કેટલાક આગેવાનો તેમજ સનાતની ભક્તો આ નિર્ણયનો વિરોધ કરી રહ્યા છે.

સંત સમુદાયના અગ્રણીઓમાંના એક જ્યોતિર્નાથ બાપુ સહિત અનેક સંતોએ આ નિર્ણયની ટીકા કરતા જણાવ્યું છે કે ભગવાન પર કોઈ વ્યક્તિ, સંસ્થા કે સંપ્રદાયનો એકાધિકાર હોઈ શકે નહીં. તેમના મતે હનુમાનજી સમગ્ર સનાતન સમાજના આરાધ્ય દેવ છે અને ભગવાન સાથે જોડાયેલી ઓળખ પર કૉપીરાઈટનો પ્રશ્ન જ ઊભો થતો નથી.

બીજી તરફ, સાળંગપુર મંદિર પ્રશાસને સમગ્ર મુદ્દે સ્પષ્ટતા આપતા જણાવ્યું છે કે આ નોંધણીનો હેતુ ભગવાન કે શ્રદ્ધા પર માલિકી હક સ્થાપિત કરવાનો નથી. મંદિરના જણાવ્યા અનુસાર "ભગવાન સર્વના છે અને સદાય સર્વના જ રહેશે." IPR નોંધણી માત્ર મંદિરની આગવી ઓળખ, વિશિષ્ટ પ્રતિમાઓ, વાઘા-શણગાર અને સર્જનાત્મક કૃતિઓને કાનૂની સુરક્ષા આપવા માટે કરવામાં આવી છે.

મંદિર પ્રશાસનના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક સમયથી નકલી વેબસાઈટ્સ, સોશિયલ મીડિયા પેજ અને ઓનલાઈન માધ્યમો દ્વારા સાળંગપુરના નામે રૂમ બુકિંગ, પ્રસાદ તથા દાન-ફાળાના નામે ભક્તો સાથે છેતરપિંડીના બનાવોમાં વધારો થયો છે. આવા તત્વો સામે ઝડપથી અને અસરકારક કાનૂની કાર્યવાહી થઈ શકે તે માટે કૉપીરાઈટ અને અન્ય બૌદ્ધિક સંપત્તિ હકોની નોંધણી જરૂરી બની હતી.

પ્રશાસને વધુમાં સ્પષ્ટતા કરી છે કે હાલમાં મંદિર દ્વારા કોઈ ઓનલાઈન રૂમ બુકિંગ અથવા ઘરબેઠા પ્રસાદની સેવા ચલાવવામાં આવતી નથી. ભક્તોને માત્ર સત્તાવાર માધ્યમો પર જ વિશ્વાસ રાખવા અને શંકાસ્પદ વેબસાઈટ કે વ્યક્તિઓથી સાવચેત રહેવાની અપીલ કરવામાં આવી છે.

જોકે, આ સ્પષ્ટતા છતાં સનાતની ભક્તોના એક વર્ગમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. કેટલાક ભક્તોનું કહેવું છે કે ભગવાન અને તેમની આરાધના સાથે જોડાયેલા પ્રતીકો પર કૉપીરાઈટ કે ટ્રેડમાર્કનો દાવો કરવો સનાતન પરંપરાની ભાવનાને વિરુદ્ધ છે. કેટલાક સંગઠનો અને ભક્તોએ આ નિર્ણય પાછો ખેંચવાની માંગ સાથે સંબંધિત જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની પણ માંગ ઉઠાવી છે.

ડાંગના કદાવર ભાજપા નેતા હરીશ બચ્છાવ પાર્ટીમાંથી સસ્પેન્ડ

સાપુતારાઃ ડાંગ જિલ્લા ભાજપાનાં પૂર્વ જિલ્લા સભ્ય તથા જિલ્લા પંચાયતની સિંચાઈ સમિતિના પૂર્વ અધ્યક્ષ હરીશભાઈ બચ્છાવને પક્ષવિરોધી પ્રવૃત્તિઓ અને ગેરશિસ્તના આક્ષેપોને પગલે ભારતીય જનતા પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવામાં આવતા ડાંગ જિલ્લાનાં રાજકારણમાં ભારે ચર્ચા અને ગરમાવો જોવા મળી રહ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષની સૂચના અને માર્ગદર્શન હેઠળ ડાંગ જિલ્લા ભાજપા પ્રમુખ કિશોરભાઈ એમ. ગાવીતે હરીશભાઈ બચ્છાવને ભારતીય જનતા પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી સસ્પેન્ડ કરતો સત્તાવાર આદેશ જાહેર કર્યો છે. આ અંગેનો પત્ર તા. 08 જૂન, 2026ના રોજ જારી કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. હરીશભાઈ બચ્છાવ સતત બે ટર્મ સુધી જિલ્લા પંચાયતના સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા. ઉપરાંત, જિલ્લા પંચાયતની ખેતીવાડી અને સિંચાઈ સમિતિના અધ્યક્ષ તરીકે પણ તેમણે જવાબદારી નિભાવી હતી. હાલમાં જ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આહવા-2 જિલ્લા પંચાયતની બેઠક પર તેઓનાં પરિવારનાં સભ્ય શ્રદ્ધાબેન તુષારભાઈ ખરેને જંગી મતો સાથે જીત અપાવી પોતાની મજબૂત પકડ બતાવી હતી. રાજકીય વર્તુળોમાં હરીશભાઈ બચ્છાવની આહવા-1, આહવા-2 તેમજ વઘઈ જિલ્લા પંચાયત બેઠકો પર મજબૂત પકડ અને પ્રભાવ માનવામાં આવે છે. આવા પ્રભાવશાળી નેતા સામે પક્ષ

ઈરાનના હુમલાથી બચવા યુએઈ અને કતારે તહેરાન સાથે ગુપ્ત સોદા કરી લીધા હતા

યુદ્ધ પોઇન્ટ ■ સંજય વોરા ■

ગુજરાતીમાં કહેવત છે કે ''લાંબા સાથે ટૂંકો જાય, મરે નહીં તો માંદો થાય.'' અમેરિકાનો સાથ આપી રહેલા ગલ્ફના દેશોને ભારે નુકસાન પછી આ કહેવત સમજાઈ છે. સાઉદી અરેબિયા, યુએઈ, કતાર, ઓમાન, બહેરીન વગેરે દેશોમાં અમેરિકાના સૈન્ય અડ્ડાઓ આવેલા છે, જેનો ઉપયોગ કરીને અમેરિકા ઈરાન પર હવાઈ હુમલાઓ કરી રહ્યું છે. આ દેશોને અમેરિકા તરફથી કોઈ પણ બાહ્ય આક્રમણ સામે રક્ષણની ગેરન્ટી પણ આપવામાં આવી હતી. ગલ્ફ વોર શરૂ થઈ તે પછી ઈરાને આ દેશોના અમેરિકી સૈન્ય અડ્ડાઓને નિશાન બનાવીને સતત મિસાઈલ અને ડ્રોન વડે હુમલાઓ કર્યા છે, જેને કારણે આ દેશોના અર્થતંત્રને ભારે ધક્કો પહોંચ્યો છે. ગલ્ફના દેશોને અનુભવે સમજાઈ ગયું છે કે ઈરાનના હુમલાઓ સામે અમેરિકા તેમનું રક્ષણ કરી શકે તેમ નથી; ઉલટાનું તેમના દેશમાં અમેરિકાના સૈન્ય અડ્ડાઓ આવેલા હોવાથી તેઓ ઈરાનના આક્રમણનો ભોગ બની રહ્યા છે. આ કારણે ગલ્ફના કેટલાક દેશો હવે અમેરિકાનું સંરક્ષણ છોડીને ઈરાન સાથે વાટાઘાટો ચલાવી રહ્યા છે, જેના ગુપ્ત હેવાલો તાજેતરમાં ખળભળાટ મચાવી રહ્યા છે.

ન્યૂઝ એજન્સી રોઇટર્સે એક ખાસ અહેવાલમાં ચાર સૂત્રોને ટાંકીને દાવો કર્યો છે કે યુએઈ ઈરાનના સ્થગિત અબજો ડોલરના ભંડોળ મુક્ત કરવા સંમત થયું છે અને તેણે ત્રણ અબજ ડોલર તો મુક્ત કરી દીધા છે. આ રિપોર્ટ એવા સમયે આવ્યો છે જ્યારે ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધ સમાપ્ત કરવા માટેની વાતચીત અંતિમ તબક્કામાં ચાલી રહી છે. રાજદ્વારીઓ અને નિષ્ણાતો કહે છે કે વાટાઘાટોમાં અમેરિકી પ્રતિબંધો હેઠળ વિદેશી બેંકોમાં સ્થગિત ઈરાનના અબજો ડોલરના ભંડોળને મુક્ત કરવાનો પણ સમાવેશ થઈ શકે છે. આ ઉપરાંત કતારના ઈરાન સાથેના ગુપ્ત કરાર અંગે પણ દાવાઓ કરવામાં આવી રહ્યા છે. વોશિંગ્ટન પોસ્ટના અહેવાલ મુજબ કતારે ઈરાની હુમલાઓને રોકવા માટે તેહરાન સાથે ગુપ્ત કરાર કર્યો છે. જો કે, કતારે આ દાવાને ખોટો ગણાવીને ફગાવી દીધો છે અને કહ્યું છે કે આવા અહેવાલો મધ્યસ્થી પ્રયાસોને નુકસાન પહોંચાડી રહ્યા છે.

દુનિયામાં જ્યાં ચમત્કાર દેખાય ત્યાં જ નમસ્કાર કરવામાં આવતા હોય છે. ઈરાને ઈઝરાયેલ અને અમેરિકા સાથેના યુદ્ધમાં એવો ચમત્કાર દેખાડ્યો છે કે અત્યાર સુધી અમેરિકાની છાવણીમાં રહેલા ગલ્ફના દેશો પણ હવે ઈરાન સાથે કુલડીમાં ગોળ ભાંગી રહ્યા છે. ઘણા અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે ઘણા દેશો હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજો પસાર થાય અને હુમલાથી બચવા માટે ઈરાન સાથે ગુપ્ત વાટાઘાટો કરી રહ્યા છે. ઈરાને એવું પણ કહ્યું છે કે યુરોપિયન દેશો હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજો

પસાર કરવા અંગે તેની સાથે વાટાઘાટો કરી રહ્યા છે.

ન્યૂઝ એજન્સી રોઇટર્સે એક વિશિષ્ટ અહેવાલમાં દાવો કર્યો છે કે, "યુએઈ કુલ $10 બિલિયન રિલીઝ કરવા માટે સંમત થયું છે, જેમાંથી ૩ અબજથી વધુ ડોલર પહેલાથી જ રિલીઝ થઈ ચૂક્યા છે. આ વ્યવસ્થાથી પરિચિત બે અન્ય સૂત્રોએ રોઇટર્સને જણાવ્યું હતું કે કુલ ૨૦ અબજ ડોલરની ઈરાની સંપત્તિ સ્થગિત કરવામાં આવી છે અને યુએઈ પર ઈરાની હુમલાઓને રોકવાના બદલામાં આ કરાર થયો છે. સમાચાર એજન્સીએ સૂત્રોને ટાંકીને જણાવ્યું છે કે ૩ અબજ ડોલરનો પહેલો હપ્તો પહેલાથી જ ઉપલબ્ધ કરાવી દેવામાં આવ્યો છે. જો કે, રોઇટર્સના અહેવાલમાં જણાવાયું છે કે ટ્રાન્સફર કરવા માટે બનાવાયેલ ભંડોળ UAEમાંથી હતું કે UAE બેંકિંગ સિસ્ટમમાં લાંબા સમયથી સ્થિર ઈરાની ખાતાંઓમાંથી હતું કે અન્યત્રથી જારી કરવામાં આવી રહ્યું હતું તેની હજુ સુધી પુષ્ટિ થઈ નથી. વ્હાઇટ હાઉસે ટિપ્પણી માટેની વિનંતીનો જવાબ આપ્યો ન હતો.

રોઇટર્સે અહેવાલ આપ્યો છે કે આ કરાર યુએઈ-ઈરાન સંબંધોમાં મોટો ફેરફાર દર્શાવે છે. ઈરાની હુમલાઓને કારણે દુબઈની હોટલો ખાલી થઈ ગઈ, કેટલાક વિદેશીઓ દેશ છોડીને ભાગી ગયા અને સુરક્ષા માટે દેશની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડ્યું, જે તેને એક મુખ્ય વ્યાવસાયિક કેન્દ્ર તરીકે અલગ પાડે છે. આ પગલું અમેરિકા અને ઈરાન વચ્ચેના સંઘર્ષને ઉકેલવાનો માર્ગ પ્રદાન કરે છે. ઈરાન દાવો કરી શકે છે કે તેને યુદ્ધના નુકસાન માટે વળતર મળ્યું છે, જ્યારે વોશિંગ્ટન કહી શકે છે કે તેણે કંઈ ચૂકવ્યું નથી. ચુકવણીના બદલામાં ઈરાન યુએઈ પર મિસાઈલ અને ડ્રોન હુમલા બંધ કરશે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ઈરાને પણ આવી જ વ્યવસ્થા માટે ઓછામાં ઓછા બે અન્ય આરબ દેશોનો સંપર્ક કર્યો છે. વાટાઘાટો ઘણાં અઠવાડિયાં પહેલાં શરૂ થઈ હતી પરંતુ ગયા અઠવાડિયે ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સના અધિકારીઓએ અબુ ધાબીની મુલાકાત લીધા પછી તેને વેગ મળ્યો હતો. ત્યાં તેઓએ યુએઈના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અને અબુ ધાબીના નાયબ શેખ તહનૌન બિન ઝાયેદ અલ નાહ્યાન સાથે મુલાકાત કરી હતી. તે મુલાકાત પછી UAE ના અધિકારીઓએ તેહરાનની મુલાકાત લીધી ત્યારે અન્ય પાસાંઓ પર ચર્ચા કરવામાં આવી હતી. UAE-ઈરાન સમજૂતી એક જટિલ નાણાંકીય પૃષ્ઠભૂમિ સામે આગળ વધવાની તૈયારીમાં છે, જેમાં દુબઈ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. દુબઈ એ UAEનું મુખ્ય વ્યાપાર કેન્દ્ર છે અને ઈરાનની મહત્ત્વપૂર્ણ આર્થિક જીવનરેખાઓમાંનું એક માનવામાં આવે છે. દુબઈની બેંકોએ ઈરાન સાથે જોડાયેલાં મોટાં ખાતાંઓ સ્થગિત કરી દીધાં છે. આમાંથી મોટા ભાગનાં ખાતાંઓ અમેરિકન પ્રતિબંધોને કારણે નિષ્ક્રિય છે. આ પ્રતિબંધો ઈરાન સાથે વ્યવસાય કરતાં કોઈ પણ દેશને અમેરિકી નાણાંકીય નેટવર્કમાંથી બાકાત રાખવાના જોખમમાં મૂકે છે. એક ઈરાની સૂત્રે જણાવ્યું હતું કે અમેરિકા કતાર અને અન્ય વિદેશી બેંકોમાં રાખેલી ઈરાની સંપત્તિઓ મુક્ત કરવા સંમત થયું છે.

દરમિયાન, વોશિંગ્ટન પોસ્ટે એક અહેવાલ પ્રકાશિત કર્યો હતો જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે કતારે તેના ગેસ સંકુલ રાસ લફાનને હુમલાઓથી બચાવવા માટે ઈરાન સાથે ગુપ્ત વાટાઘાટો કરી હતી. માર્ચના મધ્યમાં કતાર પર ઈરાની મિસાઈલ હુમલા બાદ વિશ્વની સૌથી મોટી કુદરતી ગેસ ઉત્પાદન સુવિધા રાસ લાફાનમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જોવા મળ્યા હતા. આ હુમલામાં પ્લાન્ટના કેટલાક ભાગો નાશ પામ્યા હતા, જે વિશ્વના ગેસ પુરવઠાનો લગભગ પાંચમો ભાગ પૂરો પાડે છે, જેના કારણે ચીન અને અન્ય દેશો સાથેના અબજો ડોલરના કરારો જોખમમાં મુકાયા હતા. અમેરિકા અને ઈરાન વચ્ચે મધ્યસ્થી કરવામાં મુખ્ય ભૂમિકા ભજવતું કતાર આ સંઘર્ષમાં ફસાઈ ગયું, જેના કારણે યુદ્ધનો અંત લાવવાના તેના પ્રયાસોમાં અવરોધ ઊભો થયો.

વોશિંગ્ટન પોસ્ટના અહેવાલ મુજબ યુદ્ધની શરૂઆતમાં કતારે વિશ્વના સૌથી મોટા કુદરતી ગેસ ઉત્પાદન સુવિધા રાસ લફાનને ઈરાની હુમલાઓથી બચાવવા માટે તેહરાન સાથે ગુપ્ત કરાર કરવાનો પ્રયાસ કર્યો હતા. કતારે ઈરાનને પ્રસ્તાવ મૂક્યો હતો કે જો રાસ લફાનને નિશાન બનાવવામાં ન આવે, તો તે પોતે જ ગેસનું ઉત્પાદન બંધ કરી દેશે. આનાથી વૈશ્વિક ઊર્જાના ભાવમાં વધારો થયો હોત અને અમેરિકા અને ઇઝરાયલ પર યુદ્ધ ઝડપથી સમાપ્ત કરવા માટે આર્થિક દબાણ આવ્યું હોત. કતારને ઈરાન તરફથી કોઈ સ્પષ્ટ ખાતરી મળી ન હતી, તેમ છતાં, યુદ્ધના ત્રીજા દિવસે રાસ લફાન ખાતે ઉત્પાદન બંધ કરી દેવામાં આવ્યું હતું. પાછળથી ઉપગ્રહની છબીઓમાં નુકસાનના કોઈ સંકેતો જોવા મળ્યા નથી. CIA સહિતની અમેરિકન ગુપ્તચર એજન્સીઓ અને ટ્રમ્પ વહીવટીતંત્ર કતારના ઈરાન સાથેના ગુપ્ત સોદાથી વાકેફ હતાં, પરંતુ આનાથી અમેરિકા અને કતાર વચ્ચેના સંબંધોમાં તણાવ વધ્યો નથી. કતારે આ આરોપોને નકારી કાઢ્યા છે. તે કહે છે કે ઈરાન સાથે કોઈ ગુપ્ત સોદો કરવામાં આવ્યો ન હતો અને ઉત્પાદન બંધ કરવાનો નિર્ણય માળખાગત સુવિધાઓ અને ઊર્જા સ્થાપનોના રક્ષણ માટે લેવામાં આવ્યો હતો.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ન્યૂઝ એજન્સી રોઇટર્સે ચાર સૂત્રોને ટાંકીને દાવો કર્યો છે કે યુએઈ ઈરાનના સ્થગિત અબજો ડોલરના ભંડોળ મુક્ત કરવા સંમત થયું છે અને તેણે ત્રણ અબજ ડોલર તો મુક્ત કરી દીધા છે

BUSINESS મિત્ર

શેરબજારમાં તેજીનો પવનઃ નિફ્ટી 24000 પાર થવાના સંકેત

નિફ્ટી પ્રાઈવેટ બેન્ક ઇન્ડેક્સ 5 ટકા, પીએસયુ બેન્ક ઇન્ડેક્સ 3.2 ટકા અને એફએમસીજી ઇન્ડેક્સ 1 ટકા સુધર્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

મુંબઈ, તા. 13: ભારતીય શેરબજારમાં વધુ એક સપ્તાહ અસ્થિર હતું, જોકે છેલ્લે સપ્તાહના અંતે પોઝિટિવ બંધ રહ્યું હતું. પરંતુ આગામી સપ્તાહમાં વધુ વૈશ્વિક અસ્થિરતા ઘટી શકે છે, જેના પરિણામે બજારમાં ઘટાડો અટકી શકે છે. ખાસ કરીને રાજકીય તણાવ હળવો કરવા, ક્રુડ ઓઈલમાં નરમાઈ, મધ્યમ એફઆઈઆઈની વેચવાલી તથા ડીઆઈઆઈની ખરીદી સમર્થન આપશે.

અમેરિકા અને ઈરાન યુદ્ધ વિરામની સાથે અમેરિકા અને ભારતની ટ્રેડ ડીલની સંભાવનાએ શેરબજારના સમર્થનને ટેકો મળી શકે છે અને આગામી સપ્તાહમાં શેરબજારમાં તેજીનો પવન ફુંકાઇ શકે છે, જેથી નિફ્ટી ઉછળીને 24000ને પાર નીકળી શકે છે.

વિતેલા સપ્તાહમાં બીએસઈ સેન્સેક્સ 1284.61 પોઈન્ટ એટલે કે 1.73 ટકા વધીને 75527.95 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે નિફ્ટી 256.20 પોઈન્ટ એટલે કે 1.09 ટકા વલધઈને 23622.30 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી.

બ્રોડર માર્કેટમાં સપાટ રહ્યો હતો. નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ સપાટ રહ્યો હતો. જે મિશ્ર શેર વિશિષ્ટ ક્રિયાને પ્રતિબિંબિત કરે છે. જેમાં ટોપ ગેઈનર્સમાં કોરોમાંડલમ ઈન્ટરનેશનલ, આઈડીએફસી ફર્સ્ટ બેન્ક, અશોક લેલેન્ડ, એયુ સ્મોલ બેન્ક, પીઆઈ ઈન્ડ., એફએસએન ઈ કોમર્સ અને બીએશિનો સમાવેશ થાય છે. જ્યારે ટોપ લુસર્સમાં ઓઈલ ઈન્ડિયા, કલ્યાણ જ્વેલર્સ, હિટાચી એનર્જી ઈન્ડયા, ઓરેલક ફાઈ. સર્વિસીસ સોફ્ટવેર અને ટાટા એલેક્સીનો સમાવેશ થાય છે.

નિફ્ટી સ્મોલકેપ ઈન્ડેક્સ 100 0.5 ટકા વધ્યો હતો. જેમાં એજીસ લોજિસ્ટિક્સ, સિટી યુનિયન બેન્ક, દીપક ફર્ટિલાઈઝર્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ કોર્પોરેશન, એસ્ટર ડીએમ હેલ્થકેર, ડેટા પેટર્ન અને જ્યોતિ સીએનસી ઓટોમેશન વધ્યા હતા. જ્યારે શેરોના ઘટાડામાં ફર્સ્ટસોર્સ સોલ્યુશન્સ, રિલાયન્સ પાવર, ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન, ઝેનસર ટેક્નોલોજીસ અને અનંત રાજનો સમાવેશ થાય છે.

આ સપ્તાહ દરમ્યાન બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. 40119 કરોડ વધ્યું છે. માર્કેટ વેલ્યુની દ્રષ્ટિએ આઈસીઆઈસીઆઈ બેન્ક સૌથી વધુ વધ્યો છે, ત્યારબાદ એચડીએફસી બેન્ક, સ્ટેટ બેન્ક, કોટક મહિન્દ્રા વધ્યા હતા. બીજી તરફ, આઈટી હેવીવેઈટ શેરોમાં ઈન્ફોસીસ, ટીસીએસ અને એચસીએલ ટેકનોમાં ધોવાણ થયું હતું.

વિતેલા સપ્તાહમાં સેક્ટર વાઈઝ જોઈએ તો નિફ્ટી પ્રાઈવેટ ઈન્ડેક્સ 5 ટકા, નિફ્ટી પીએસયુ બેન્ક ઈન્ડેક્સ 3.2 ટકા, નિફ્ટી એફએમસીજ ઈન્ડેક્સ 1 ટકાનો વધારો નોંધાયો છે. જ્યારે નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 4 ટકા, નિફ્ટી મેટલ અને નિફ્ટી એનર્જી ઈન્ડેક્સ 2-2 ટકા ઘટ્યા હતા.

કરદાતાએ ભરવાજોગ વેરા નું ભૂલથી બેવડું પેમેન્ટ કર્યું હોય તો ભૂલથી ભરાયેલા વેરાનું રિફન્ડ આપવા ફરમાવ્યું

નામદાર ઓરિસ્સા હાઇકોર્ટનો..... અગત્યનો ચૂકાદો

કાયદાની કેડીએ...

ઈશ્વર રૂદલાલ

નાણાકિય વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માટે કરદાતા વેપારીની કલમ ૭૪ની કાર્યવાહીને પરિણામે રૂ.૧૨ લાખની જવાબદારી અરજદારે ઈલેક્ટ્રોનિક ક્રેડિટ લેજર દ્વારા વ્યાજ સાથે ફેબ્રુઆરી માં અદા કરી હતી. પરંતુ .. અરજદારે ભૂલથી આજ રકમ બીજી વાર કેશ લેજર મારફત ભરી દેતા અને રિફન્ડની અરજી નકારવામાં આવતા, નામદાર ઓરિસ્સા હાઈકોર્ટે કરાવ્યું કે .... આવી રીતે ભૂલથી ભરાયેલ રકમના રિફન્ડને કલમ 54ની સમયમર્યાદા લાગુ પડતી નથી. અને અરજદારને રિફન્ડ આપવા ફરમાવ્યું. ખેર! ના. હાઈકોર્ટના રાજેન્દ્ર મોહંતી વિ. જો.સ્ટેટ કમિશ્નર, કટક ના રી.પી.નં.2271/2026ના તા.12.2.26 ના ચૂકાદા તરફ એક નજર નાખીએતો.....

હકીકત......

અરજદારની વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માટે કલમ ૭૪ હેઠળની કાર્યવાહી ડિસેમ્બર ૨૦૨૦ માં શરૂ કરવામાં આવી અને રિટર્નમાં ચૂક થઈ છે. એમ જણાવી અધિકારી તરફથી ફેબ્રુઆરી ૨૦૨૨ માં કારણદર્શક નોટિસ ઈસ્યુ કરવામાં આવી અને તેના અનુસંધાને અરજદારે માર્ચ, ૨૦૨૨ માં જવાબ આપી જણાવ્યું કે તેમણે વાર્ષિક રિટર્ન ભરી GST કાયદા હેઠળની રૂ.12લાખ ટેક્ષની જવાબદારી ઈલેક્ટ્રોનિક ક્રેડિટ લેજર મારફત DRC-03 દ્વારા અદા કરી છે. પરંતુ...

ત્યારબાદ ભૂલથી અરજદારે બીજી વખત આજ રકમ સપ્ટેમ્બર,૨૦૨૨, માં કેશ લેજર મારફત ભરી દેતાં અરજદારે આ રીતે બેવડા ભરાયેલ રકમના રિફન્ડ માટે ફોર્મ GST RED-1 માં ઓગષ્ટ,૨૦૨૫, માં અરજી કરી. આ અરજી જોઈન્ટ કમિશ્નર તરફથી તા.૨૨-૧૦-૨૫ ના ઓર્ડરથી નકારવામાં આવતા, અરજદારે ના.હાઈકોર્ટ સમક્ષ રીટ. પીટીશન ફાઈલ કરી.

અરજદારના વિધ્વાન કાઉન્સેલે દલીલ કરતા જણાવ્યું કે કલમ 54 હેઠળની સમયમર્યાદા ફરજિયાત સ્વરૂપની નથી તો... ખાતાએ આવી રીતે બીજીવાર ભૂલથી ભરાયેલ વેરાની રકમ પોતાની પાસે રાખી મૂકી, ભારતના બંધારણના આર્ટિકલ ૨૬૫નો ભંગ કર્યો છે.

ચૂકાદો

નામદાર હાઈકોર્ટે ચૂકાદો આપતા ના. દિલ્હી હાઈકોર્ટના દિલ્હી મેટ્રો રેલ કોરપોરેશન લી. નો ચૂકાદો ધ્યાનનાં લીધો, જેમાં ના. હાઈકોર્ટે કરાવ્યું હતું કે જ્યારે GST ભરવાજોગ નથી અને રકમ ભૂલથી ડિપોઝીટ થઈ છે ત્યારે કલમ ૫૪ની સમયમર્યાદા લાગુ પડતી નથી. તો ના. ગુજરાત હાઈકોર્ટ એનર્જી પ્રા.લી. ના કેસમાં કરાવ્યું હતું. કે જ્યારે કાયદા હેઠળ ટેક્ષ ભરાવાતી નથી ભારે ભૂલથી ભરાયેલ રકમ પોતાની પાસે રાખી મૂકવા સરકાર પાસે કોઈ ઓથોરીટી નથી અને......

ના. હાઈકોર્ટે જણાવ્યું કે અધિકારી પાસે ભૂલથી બીજી વાર ભરાયેલ રકમ પોતાની પાસે રાખી મૂકવા કોઈ સત્તા નથી એમ જણાવી અરજદારને ૧૫ દિવસનાં રિફન્ડની અરજી ફાઈલ કરવા ફરમાવ્યું અને જો.કમિશ્નરશ્રી ને તે અરજી પર વિચારણા કરી ઉપરની ચર્ચા ધ્યાને લઈ, ત્યારબાદ ૭ દિવસમાં રિફન્ડ મંજૂર કરવા ફરમાવ્યું.

ગિફ્ટ સિટીમાં વૈશ્વિક ડિજિટલ અને ટેક્નોલોજી સેવાઓ પ્રદાન કરતા સેન્ટરનું ઉદ્ઘાટન કરતાં મુખ્યમંત્રી

ગાંધીનગર,તા.13: ગુજરાતના આર્થિક અને ટેક્નોલોજીકલ વિકાસને નવી ગતિ આપતા વધુ એક મહત્વપૂર્ણ પગલા રૂપે ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટીમાં વૈશ્વિક ડિજિટલ અને ટેક્નોલોજી સેવાઓ પ્રદાન કરતી અગ્રણી કંપની હેકસાવેર ટેકનોલોજીસના નવા ડિલિવરી સેન્ટરનું આજે સીએમ ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ગિફ્ટ સિટીના પ્રજ્ઞા-II બિલ્ડિંગના 7મા અને 8મા માળે શરૂ થયેલું આ અત્યાધુનિક સેન્ટર ગુજરાતને વૈશ્વિક ટેક્નોલોજી હબ તરીકે વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ સીમાચિહ્ન માનવામાં આવી રહ્યું છે.

નવા ડિલિવરી સેન્ટરના પ્રારંભ સાથે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), ક્લાઉડ કમ્પ્યુટિંગ, ડેટા એનાલિટિક્સ, ઓટોમેશન અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન જેવા અદ્યતન ક્ષેત્રોમાં નવી તકો ઊભી થશે.

યાર્ન બજાર સુરત (GST સાથેના ભાવ) — **નરેશ / મુકેશ ઘીવાળા** ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**	૭૫/૩૬ ''	૧૩૭.૫	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૭૦	૫૦/૩૬ ''	૧૪૯	૮૦/૭૨ બ્લેક રોટો	૧૫૧
૩૦/૩૬ એફડી	૨૭૭	૫૦/૪૮ SD/ક્રેપ	૨૪૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૪૩
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૨	૩૦/૧૪ ક્રિમ્પ	૧૯૫
૬૮/૩૬	૧૪૪	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૮
૭૨/૩૬ ક્રિમ્પ	૧૪૨	૧૦૦ ટેક્ષ	૧૪૦	૬૮ ક્રિમ્પ	૧૪૭
૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૧	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૪૩
૮૪/૪૮ ક્રિમ્પ	૧૪૧	૮૦/૭૨ રોટો	૧૪૫	૭૫ ક્રિમ્પ	૧૪૨
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૫૧	૮૦ ક્રિમ્પ	૧૪૦
૮૦/૭૨ રોટો.	૧૪૨	૧૬૦ ડીસ્કેટ	૧૫૧	૮૦/૭૨ રોટો	૧૪૩.૫
૮૦/૩૬ રોટો.	૧૪૩	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૩૯	૮૦/૧૦૮ ''	૧૪૩.૫	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૪૨.૫

સોનાની ચમક ઓછી થઈ: રેકોર્ડ હાઈથી 25%નો મોટો ઘટાડો

વ્યાજ દર અને મજબૂત ડોલરના દબાણ વચ્ચે ટૂંકા ગાળામાં હજુ નબળાઈના સંકેત

મુંબઈ, તા. 13: સોનાની નબળાઈ યથાવત રહી શકે છે. આ વર્ષે જાન્યુઆરીમાં સોનું 5595 ડોલર પ્રતિ ઔંસની રેકોર્ડ ઊંચી સપાટીએ પહોંચ્યું હતું. ત્યારબાદથી તેમાં ઘટાડો જોવા મળ્યો છે. તે રેકોર્ડ ઊંચાઈથી લગભગ 25 ટકા તૂટી ગયું છે. આ રોકાણકારો માટે એક મોટો ફટકો છે જેમણે કિંમતોમાં સતત વધારો થવાની આશામાં મોટા રોકાણો કર્યા હતા.

નિષ્ણાંતોનું કહેવું છે કે સપ્તાહના અંતે દેશ-વિદેશમાં સોનામાં થોડો વધારો જોવા મળ્યો હતો. પરંતુ, આ તેજી ચાલુ રહેવાની અપેક્ષા નથી. આંતરરાષ્ટ્રીય બજારમાં સોનું સહેજ વધીને 4222 ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ કરી રહ્યું છે. અહીં, ભારતમાં કોમોડિટી એક્સચેન્જ એમસીએક્સ 1.17 ટકા વધીને 1,50,675 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર બંધ રહ્યો હતો.

સોનુ હજુય દબાણ હેઠળ રહેશે તેવા નિષ્ણાતોના અનુમાન સંદર્ભમાં કારણો દર્શાવ્યા હતા, હાલમાં સોના માટે બે પડકારો છે. પ્રથમ, યુ.એસ. માં ફેડરલ રિઝર્વની રૂચિ વધવાની ધારણા છે. બીજું, ડોલર મજબૂત થઈ રહ્યો છે. આ બંનેને કારણે સોના પર વધુ દબાણ વધી શકે છે. તેમણે કહ્યું કે જ્યારે મધ્ય પૂર્વમાં તણાવ સમાપ્ત થાય અને ક્રૂડના ભાવ 80 ડોલર પ્રતિ બેરલ પર આવે ત્યારે જ સોનું વધી શકે છે.

યુબીએસનું કહેવું છે કે સોનાની નબળાઈ ચાલુ રહી શકે છે. ટૂંકા ગાળામાં સોનું ઘટીને 3850થી 4000 ડોલર પ્રતિ ઔંસ થઈ શકે છે.

તેલ બજાર સુરત (૧૫ કિલોના ભાવ)

સીંગતેલ (૧૫ કિ.)	૨૯૫૦	કોપરેલ	૪૭૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૭૦૦	વનસ્પતિ ઘી	૨૬૨૦
સીંગતેલ (૫ લી)	૯૨૦	સનફ્લાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૭૭૦	તલતેલ	૪૭૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૫૨૦	દિવેલ	૨૪૮૦
કપાસીયા (૫ લિ.)	૮૮૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૦૦		

જથ્થાબંધ ખાંડબજાર (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૫૦૦
એમ-૩૦	૪૪૫૦
એસ-૩૦	૪૪૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૩૫૦
એસ-૩૦	૪૩૦૦

સોના-ચાંદી સુરત (ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૫૨૮૨૦
તેજાબી સોનું	૧૫૨૭૩૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૫૧૮૦
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૧૪૯૭૩૦
સોનાનાં બિસ્કીટ	૧૫૨૮૨૦૦
ચાંદી (૯૯૯)	૨૫૨૦૦૦
ચાંદી સિક્કા	૨૫૩૫૦૦

ભારતીય બજારમાં વિદેશી વેચવાલી સામે DIIનો ઐતિહાસિક સપોર્ટ

વૈશ્વિક અસ્થિરતા અને બજારના ઘટાડા વચ્ચે DIIએ 5 મહિનામાં ઠાલવ્યા રૂ.4 લાખ કરોડ

2025માં રેકોર્ડ રૂ. 7.75 લાખ કરોડનું રોકાણ

મુંબઈ, તા. 13: વર્ષ 2026 ના પ્રથમ પાંચ મહિનામાં ભારતીય શેરબજાર ભારે અસ્થિરતા અને વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોની આક્રમક વેચવાલીનો સામનો કરી રહ્યું છે. આમ છતાં, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DII)એ માર્કેટને મજબૂત ટેકો આપ્યો છે. મ્યુચ્યુઅલ ફંડ્સ, વીમા કંપનીઓ અને પેન્શન ફંડ્સ સહિતના DII એ આ વર્ષના માત્ર પાંચ મહિનામાં જ ભારતીય ઈક્વિટીમાં 4 લાખ કરોડથી વધુનું રોકાણ કરી દીધું છે.

મહિનાવાર પ્રવાહ પર નજર કરીએ તો, માર્ચ મહિનામાં સૌથી વધુ 1.4 લાખ કરોડ અને મે મહિનામાં 82,669 કરોડનું રોકાણ આવ્યું હતું. આ રોકાણપ્રવાહ એવા સમયે આવ્યો છે જ્યારે વિદેશી રોકાણકારોએ બજારમાંથી આશરે 27.13 બિલિયન ડોલર પાછા ખેંચ્યા છે.